દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૭ જૂન, ૨૦૨૬

વૈશ્વિક બજાર પર કબજા માટે ચીને માત્ર પાંચ જ માસમાં 692 ટન સોનું ખરીદ્યું

વૈશ્વિક અર્થતંત્રમાં જ્યારે પણ કોઈ મોટો દેશ અસાધારણ પગલાં લે છે, ત્યારે તેની પાછળ માત્ર વ્યાપારી નફો હોતો નથી, પરંતુ એક ઘેરી વ્યુહાત્મક રણનીતિ છુપાયેલી હોય છે. તાજેતરમાં સામે આવેલા આંકડા મુજબ, ચીને ૨૦૨૬ ના પ્રથમ પાંચ મહિનામાં વિશ્વભરમાંથી આશરે ૬૯૨,૦૦૦ કિલો (૬૯૨ ટન) સોનાની ખરીદી કરીને આખી દુનિયાને ચોંકાવી દીધી છે. માત્ર મે ૨૦૨૬ ના એક જ મહિનામાં ચીને ૧૬૩ ટન સોનાની આયાત કરી, જે છેલ્લા ૨૬ મહિનાની સર્વોચ્ચ સપાટી છે. આ આંકડા માત્ર એક દેશ દ્વારા કરવામાં આવેલી ખરીદી નથી, પરંતુ વૈશ્વિક બુલિયન માર્કેટ (સોનાના બજાર) નો નકશો અને શક્તિ સંતુલન બદલી નાખવાની બેઇજિંગની મહત્વાકાંક્ષી યોજનાનો દસ્તાવેજ છે. ગયા વર્ષની સરખામણીમાં ચીનની સોનાની ખરીદીમાં આશરે ૭૬% નો જંગી વધારો નોંધાયો છે. સોનાના આંતરરાષ્ટ્રીય ભાવો પર ચાલી રહેલા દબાણ છતાં વિશ્વના આ સૌથી મોટા ખરીદદારની માંગ અણનમ રહી છે. ચીન આ ખરીદીને કેટલી ગંભીરતાથી લઈ રહ્યું છે તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે તેણે ૧ જૂનથી સોનાની આયાત માટે એક નવી લાઇસન્સિંગ સિસ્ટમ લાગુ કરી દીધી છે. આ નવી વ્યવસ્થા હેઠળ, ચીનની પસંદગીની બેંકોને સોનાની આયાત કરવા માટે વ્યાપક છૂટછાટો અને સુવિધાઓ આપવામાં આવી છે. આ કાયદાકીય સુધારાઓ દર્શાવે છે કે ચીન માત્ર ટૂંકા ગાળા માટે સોનું એકઠું નથી કરી રહ્યું, પરંતુ લાંબા ગાળાના આયોજન સાથે મેદાનમાં ઉતર્યું છે. પરંપરાગત રીતે કેન્દ્રીય બેંકો પોતાની કરન્સીને સ્થિરતા આપવા અથવા ફુગાવા સામે રક્ષણ મેળવવા માટે સોનાનો ભંડાર વધારે છે. પરંતુ આ વખતે બેઇજિંગની રણનીતિ કંઈક અલગ અને વધુ આક્રમક છે. ચીન માત્ર સોનાના ખરીદદાર કે ધારક તરીકે સીમિત રહેવા માંગતું નથી. તેનો અસલી હેતુ સોનાના સંગ્રહ, વેપાર, ક્લિયરિંગ અને સેટલમેન્ટ સિસ્ટમ પર પોતાની પકડ મજબૂત કરવાનો છે. ચીન એ સમજી ગયું છે કે જે દેશ સોનાના ભૌતિક વ્યવહારોના માળખા પર નિયંત્રણ મેળવે છે, તે આખરે તેના ભાવો અને વૈશ્વિક બજારના નિયમોને પણ નિયંત્રિત કરી શકે છે. આ વ્યુહરચનાને સાકાર કરવા માટે ચીન હોંગકોંગ અને સિંગાપોરને જોડીને એશિયામાં એક મજબૂત અને સ્વાયત્ત સોનાના વેપારનું નેટવર્ક સ્થાપિત કરી રહ્યું છે. હાલમાં હોંગકોંગ એક નવી કિંમતી ધાતુઓની ક્લિયરિંગ સિસ્ટમ શરૂ કરવાની તૈયારી કરી રહ્યું છે, જ્યારે સિંગાપોર પણ તેના સોનાના સંગ્રહ અને વેપાર માળખાને ઝડપથી વિસ્તારી રહ્યું છે. આ બંને વૈશ્વિક નાણાકીય કેન્દ્રો સંયુક્ત રીતે સોનાના સંગ્રહ, ક્લિયરિંગ, સેટલમેન્ટ અને ફાઇનાન્સિંગ માટે એક આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યા છે. આનાથી એશિયાના અન્ય દેશો માટે લંડન કે ન્યૂયોર્ક સુધી ગયા વિના, એશિયાના આંગણે જ સોનાનો સુરક્ષિત વેપાર અને સંગ્રહ કરવાનું સરળ બનશે. દાયકાઓથી વૈશ્વિક સોનાના ભાવો નક્કી કરવામાં અને તેના વેપાર પર પશ્ચિમી દેશોનું, ખાસ કરીને લંડન અને ન્યૂયોર્કનું વર્ચસ્વ રહ્યું છે. સોનાના ભાવ ક્યાં જશે અને તેના નિયમો શું હશે, તે આ પશ્ચિમી બજારો નક્કી કરતા આવ્યા છે. ચીન આ એકાધિકારને તોડવા માંગે છે. પોતાની પ્રચંડ ખરીદશક્તિ અને એશિયાઈ નેટવર્કના દમ પર બેઇજિંગ સોનાના ભાવોના નિયંત્રણનું કેન્દ્ર પૂર્વ તરફ શિફ્ટ કરવા મથે છે. જો અન્ય દેશો પણ પોતાનું સોનું લંડનને બદલે ચીન, હોંગકોંગ કે સિંગાપોરની સિસ્ટમમાં સંગ્રહિત કરવાનું શરૂ કરશે, તો પશ્ચિમી બજારોનો દબદબો આપોઆપ ઓછો થઈ જશે. પીપલ્સ બેંક ઓફ ચાઇનાની આ આક્રમક ખરીદી પાછળનું બીજું સૌથી મોટું કારણ અમેરિકન ડોલર પરની નિર્ભરતા ઘટાડવાનું છે, જેને વૈશ્વિક નાણાકીય ભાષામાં 'ડી-ડોલરાઇઝેશન' કહેવામાં આવે છે. વૈશ્વિક રાજકારણ અને પ્રતિબંધોના આ યુગમાં, ચીન પોતાની અર્થવ્યવસ્થાને અમેરિકી નીતિઓ અને ડોલરની વધઘટથી સુરક્ષિત કરવા માંગે છે. સોનું એ સદાબહાર અને સૌથી વિશ્વસનીય ભૌતિક સંપત્તિ છે, જેમાં કોઈ ડિફોલ્ટનું જોખમ હોતું નથી. ડોલરના બદલે સોનાના ભંડારને સર્વોપરી બનાવીને ચીન ભવિષ્યની કોઈ પણ આર્થિક કટોકટી કે ભૌગોલિક-રાજકીય સંઘર્ષ સામે પોતાનું મજબૂત સુરક્ષા કવચ તૈયાર કરી રહ્યું છે. ચીન દ્વારા પાંચ મહિનામાં ૬૯૨,૦૦૦ કિલો સોનાની ખરીદી એ માત્ર વેપારના આંકડા નથી, પરંતુ વૈશ્વિક આર્થિક સત્તા પરિવર્તનના સંકેત છે. ચીન પોતાની જાતને માત્ર એક ગ્રાહકમાંથી બદલીને આખા બજારના સંચાલક તરીકે સ્થાપિત કરવાના માર્ગે આગળ વધી રહ્યું છે. જો બેઇજિંગ આ નવી વ્યુહરચનામાં સફળ રહેશે, તો આગામી દાયકામાં સોનાના વૈશ્વિક રોડમેપનું સંચાલન પશ્ચિમી દેશોના હાથમાંથી સરકીને એશિયાના હાથમાં આવી જશે. આ બદલાવ વૈશ્વિક નાણાકીય પ્રણાલી, બેંકિંગ વ્યવસ્થાઓ અને ચલણના સમીકરણોને મૂળમાંથી હચમચાવી શકે છે. હવે જોવાનું એ રહેશે કે લંડન અને ન્યૂયોર્ક પૂર્વ તરફથી આવતા આ 'ગોલ્ડન પડકાર' નો સામનો કેવી રીતે કરે છે અને તેમાં ભારતને શું અસર થાય છે. ભારતે આ આખા મામલા પર નજર રાખતા રહેવું પડશે તે નક્કી છે

એમ.પી.ના મુખ્યમંત્રી યાદવને ગડગડિયું અપાશે?

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

એક અહેવાલે મધ્યપ્રદેશના રાજકારણ જ નહીં રાષ્ટ્રીય રાજકારણમાં તહેલકો મચાવી દીધો છે. અખબારના અહેવાલ મુજબ ડિસેમ્બર ૨૦૨૩માં મોહન યાદવ મુખ્યમંત્રી બન્યા ત્યારથી તેમના પરિવારનાં સભ્યો, સગાં-સંબંધીઓ અને તેમની સાથે જોડાયેલી રિયલ એસ્ટેટ કંપનીઓએ ઉજ્જૈન અને તેની આસપાસ ૧૯૮ એકર જેટલી જમીનના અંદાજે ૧૩૭ પ્લોટ ખરીદ્યા છે.

આ ખરીદાયેલી જમીનોમાંથી મોટા ભાગની જમીન (આશરે ૧૧૧ એકર) એવા વિસ્તારોમાં છે, જ્યાં રાજ્ય સરકાર દ્વારા નવા રોડ નેટવર્ક, હાઇ વે અને આગામી ૨૦૨૮ના 'સિંહસ્થ કુંભમેળા' માટેના માળખાકીય પ્રોજેક્ટ્સ જાહેર કરવામાં આવ્યા છે. વિપક્ષનો આરોપ છે કે આ સરકારી પ્રોજેક્ટ્સના કારણે આ જમીનોના ભાવ ખૂબ વધી ગયા છે, જેનો સીધો આર્થિક લાભ મુખ્યમંત્રીના પરિવારને મળ્યો છે.

મધ્યપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ જીતુ પટવારી અને અન્ય વરિષ્ઠ નેતાઓએ આ મામલાને મહાકાલની જમીનની લૂંટ ગણાવીને મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી છે તેમજ સુપ્રીમ કોર્ટના સીટિંગ જજ અથવા ઈડી અને સીબીઆઈ દ્વારા આ મામલાની ન્યાયિક તપાસ કરાવવાની માંગ કરી છે.

મુખ્યમંત્રી કાર્યાલય અને ભાજપના નેતાઓએ આ તમામ આક્ષેપોને પાયાવિહોણા અને રાજકીય ષડયંત્ર ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી છે કે મુખ્યમંત્રી મોહન યાદવ કે તેમનાં પત્નીએ સી.એમ. પદ સંભાળ્યા પછી કોઈ નવી જમીન ખરીદી નથી. ૨૦૨૩ની ચૂંટણી એફિડેવિટમાં તેમની પાસે જે ૧૭ એકર જમીન હતી, તે આજે પણ એટલી જ છે. ભાજપનું કહેવું છે કે મોહન યાદવનો પરિવાર વર્ષોથી સત્તાવાર રીતે રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે જોડાયેલો છે અને આ જમીનો માસ્ટર પ્લાન કે સરકારી પ્રોજેક્ટ્સ આવ્યા તે પહેલાંની ખરીદાયેલી છે. વિપક્ષ માત્ર પછાત વર્ગના મુખ્યમંત્રીની છબી ખરડવાનો પ્રયાસ કરી રહ્યો છે.આ આક્ષેપો બહાર આવવાની ટાઈમિંગ અને સરકારી જમીન રેકોર્ડ્સની જે બારીક વિગતો મીડિયા સુધી પહોંચી છે, તેને લઈને રાજકીય વિશ્લેષકો અને વિપક્ષી નેતાઓ પક્ષની અંદરની જૂથબંધી તરફ ઈશારો કરી રહ્યા છે.

વ્યાપમ કૌભાંડ ઉજાગર કરનાર ડૉ. આનંદ રાયે પણ જણાવ્યું છે કે, આ મામલામાં હવે બે પ્રકારની તપાસ થવી જોઈએ-એક જમીન સોદાની અને બીજી એ કે આ ગુપ્ત સરકારી કાગળો કોણે લીક કર્યા?

આ બધા અહેવાલો પછી એવું લાગે છે કે, યાદવને ત્યાં કોઈ તપાસ થાય? ઈડી કે સીબીઆઈ કે ઈનકમટેક્સ વિભાગ એની પૂછપરછ કરે. પક્ષ એમની સામે કોઈ પગલાં લેશે એવું લાગે છે? ના રે ના, એવું કંઈ થવાનું નથી. પણ ઘર ફૂટે ઘર જાય એવી આ સ્થિતિ છે. ભાજપમાં હવે આંતરિક અસંતોષ વધતો જાય છે એનું જ કદાચ આ પરિણામ છે.

પણ કેટલાક સવાલ પુછાવા જોઈએ. ટ્રમ્પ હોય, ભારતીય અમલદારો હોય કે મંત્રીઓ, અંગત ફાયદા માટે વિશેષાધિકૃત માહિતીનો ઉપયોગ કરવો અનૈતિક છે, ભલે તે કાયદેસર હોય. જમીનના ઉપયોગમાં આ ફેરફારથી મિલકતની કિંમતમાં મોટો ઉછાળો આવ્યો, જેને નવા માલિકો માટે અચાનક મળેલો લાભ કહી શકાય. કાયદેસર? કદાચ. પણ નૈતિક? વ્યવસાય, રાજકારણ કે રમતગમત, 'ઈનસાઈડર ટ્રેડિંગ' - એટલે કે ફાયદા માટે વિશેષાધિકૃત માહિતીનો ઉપયોગ કરવો - માટે નિષ્પક્ષ રમતના નિયમોમાં કોઈ સ્થાન નથી. ઉદાહરણ તરીકે, ઘોડાની રેસમાં, જો ભીડનું પ્રિય ઘોડો લંગડું હોય અને તેના માલિક અને ટ્રેનર બીજા નંબરના શ્રેષ્ઠ ઘોડા પર પૈસા લગાવે, તો શું તે નસીબની રમત રહે છે?

» રામમંદિરમાં ચોરી ભાજપને ભારે પડશે?

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવાની ચોરી અને કથિત ગેરરીતિઓનો આ મુદ્દો ઉત્તર પ્રદેશ સહિત દેશભરના રાજકારણમાં ભારે ગરમાયો છે. ઉત્તર પ્રદેશમાં આગામી ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે અને વિપક્ષ આ મુદ્દાને ધારદાર બનાવી રહ્યો છે.

ચૂંટણી સુધી આ મુદ્દો ગરમ રહે એવા પ્રયત્નો વિપક્ષ કરે એ તો સમજાયું પણ ભાજપ આ મુદ્દે શું કરશે? એના પર બધાની નજર છે. કારણ કે, ભાજપ હંમેશાં રામ મંદિર નિર્માણને પોતાની સૌથી મોટી નૈતિક અને રાજકીય જીત તરીકે રજૂ કરતું આવ્યું છે. હવે વિપક્ષ "રામ નામના ચંદાની ચોરી" નો આરોપ લગાવીને હિન્દુ મતદારોની આસ્થાને ઠેસ પહોંચી હોવાનો મુદ્દો ઉઠાવી રહ્યા છે.

વ્યાપમ કૌભાંડ ઉજાગર કરનાર ડૉ. આનંદ રાયે પણ જણાવ્યું છે કે, આ મામલામાં હવે બે પ્રકારની તપાસ થવી જોઈએ-એક જમીન સોદાની અને બીજી એ કે આ ગુપ્ત સરકારી કાગળો કોણે લીક કર્યા?

ટ્રસ્ટના પૂર્વ એકાઉન્ટ ઓફિસર મહીપાલ સિંહના ખુલાસા અને સ્થાનિક સ્તરે જે વાતો બહાર આવી છે, તેમાં સૌથી મોટો મુદ્દો એ છે કે દર મહિને ૧૫ થી ૨૦ હજાર રૂપિયાનો પગાર મેળવતા નોટો ગણવાના સ્ટાફ અને તેમની સાથે જોડાયેલાં લોકો (જેમ કે રામશંકર ઉર્ફે ટીન્નુ યાદવ, જે અગાઉ ઓટો ડ્રાઈવર હતો) પાસે આજે કરોડોની પ્રોપર્ટી, ફાર્મહાઉસ અને અઢળક સંપત્તિ મળી આવી છે. આ દૃશ્ય સામાન્ય જનતામાં નકારાત્મક સંદેશ છોડે છે. ચિંતાની વાત એ પણ છે કે માત્ર વિપક્ષ જ નહીં, પરંતુ ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણ સિંહે પણ નિવેદન આપ્યું કે તેઓ આ ગેરરીતિઓ વિશે જાણતા હતા અને આમાં "ખૂબ શક્તિશાળી લોકો" સામેલ છે. ભાજપના જ વરિષ્ઠ નેતા રજનીશ સિંહે પી.એમ. મોદીને પત્ર લખીને દાન અને જમીનના સોદા જાહેર કરવાની માંગ કરી છે. પક્ષના આંતરિક અવાજો ભાજપ માટે ચૂંટણીમાં મુશ્કેલી ઊભી કરી શકે છે.

ચૂંટણી હજુ ૨૦૨૭માં છે, તેથી ભાજપ પાસે સ્થિતિ સુધારવા માટે પૂરતો સમય છે અને યોગી સરકાર ઓલરેડી એક્શન મોડમાં છે. એફઆઈઆરને બદલે યોગીજીએ ૩ સભ્યોની હાઈ-લેવલ એસઆઈટી બનાવી દીધી છે. સીસીટીવી ફૂટેજ ખંગાળવામાં ચેક થઈ રહ્યા છે. જો સરકાર ચૂંટણી પહેલાં આમાં સામેલ ગુનેગારોને જેલભેગા કરી દેશે, તો ભાજપ "ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ" ની પોતાની છબી મજબૂત કરી શકશે.

મંદિરનિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ સ્વીકાર્યું છે કે આમાં બેંકો અને સ્ટાફની દેખરેખમાં ગંભીર ખામી રહી ગઈ હતી. એટલે કે ભાજપ આને સરકાર કે પક્ષનો ભ્રષ્ટાચાર ગણાવવાને બદલે સિસ્ટમ અને ખાનગી એજન્સીનાં કર્મચારીઓનો ગુનો ગણાવીને પોતાનો બચાવ કરી રહ્યું છે.

ડેપ્યુટી સી.એમ. બ્રજેશ પાઠક સહિતના નેતાઓએ સપા પર વળતો પ્રહાર શરૂ કર્યો છે કે જ્યારે બાબરી મસ્જિદ માટે ચંદો ઉઘરાવાયો હતો ત્યારે તેના હિસાબ કેમ નહોતા મંગાતા? ભાજપ આ વિવાદને ફરીથી 'તુષ્ટિકરણ વિરુદ્ધ હિન્દુ આસ્થા' ના ટ્રેક પર લાવવાનો પ્રયાસ કરશે.જો આ તપાસ લાંબી ખેંચાશે અને કોઈ મોટા માથાંનાં નામ બહાર આવશે અથવા જનતાને એવું લાગશે કે સરકાર કોઈને બચાવી રહી છે તો યુપીની ૨૦૨૭ની ચૂંટણીમાં ભાજપને ડેમેજ ચોક્કસ નડશે, કારણ કે અયોધ્યાની આસપાસની સીટો ભાજપ ૨૦૨૪ની લોકસભામાં ઓલરેડી ગુમાવી ચૂક્યું છે. પરંતુ જો યોગી આદિત્યનાથ આગામી થોડા મહિનામાં કડક કાનૂની સપાટો બોલાવીને દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે, તો આ નુકસાનને ઘણું ખરું ટાળી શકાશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

અનિત્યા

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ ગૌતમ બુધ્ધ વિહાર કરતા કરતા એક મોટા નગરમાં પધાર્યા. નગરજનો તેમનો ઉપદેશ સાંભળવા અને દર્શન કરવા જતાં.નગરના રાજા પણ તેમનાં દર્શન કરવા માંગતા હતા. તેમને ગૌતમ બુદ્ધને રાજમહેલમાં પધારવાનું આમંત્રણ આપ્યું. ગૌતમ બુદ્ધે કહ્યું, 'હું પોતે રાજપાટ છોડીને નીકળ્યો છું ત્યારે મને જ્ઞાન અને શાંતિની અનુભૂતિ થઈ છે. રાજાને ઉપદેશ સાંભળવો હોય તો તેમને કહો અહીં પધારે.'



ભગવાન બુદ્ધનો સંદેશો સાંભળીને રાજા-રાણી બંને ગૌતમ બુદ્ધનાં દર્શન કરવા અને ઉપદેશ સાંભળવા આવ્યાં. રાજાએ કહ્યું, ''ભગવન્, માફ કરજો પણ તમે રાજનું નિમંત્રણ ઠુકરાવ્યું તેનું મને માઠું લાગ્યું. તમે આમ કેમ કર્યું?'' ભગવાન બુદ્ધ હસ્યા અને બોલ્યા, ''તમે આજે રાજા છો કાલે નહિ હો...''

રાજાને વધુ ખરાબ લાગ્યું. તેઓ ગુસ્સાથી ઊભા થઈ ગયા અને બોલ્યા, ''આ શું બોલો છો?'' ગૌતમ બુધ્ધ શાંત જ હતા. તેઓ શાંતિથી બોલ્યા, ''રાજન, આ દુનિયામાં કશું જ સ્થાયી નથી.ના સુખ ,ન દુઃખ,ન સંબંધો, ન સંજોગો...'' રાજા બોલ્યા, ''પણ હું રાજા છું. સુખ જ સુખ છે, દુઃખ એટલે શું મને ખબર જ નથી.''

બુદ્ધ બોલ્યા, ''રાજન, આ દુનિયામાં જે ઉત્પન્ન થાય છે તેનો નાશ પણ થાય છે. ફૂલ ખીલે છે પછી કરમાઈ જાય છે. ફૂલ હોય કે રાજવંશ દરેક ચીજ નાશવંત છે, સમયની સાથે સતત બધું બદલાતું રહે છે. દુઃખ આવે છે, જતું રહે છે,સુખ આવે છે જતું રહે છે.જે આજે છે કે કાલે નહિ રહે તેને કહે છે 'અનિત્યા' -કશું જ નિત્ય એટલે કે કાયમી નથી. તમે આજે રાજા છો. કાલે કોઈ તમને યુદ્ધમાં જીતી લે તો તમે રાજા નહિ રહો...તમારા મનમાં વૈરાગ્ય જાગશે તો તમે રાજા નહિ રહો...આમ હંમેશા સતત બધું બદલાતું રહે છે. કશું જ હંમેશ માટે નથી એટલે સુખ અને ખુશીમાં બહુ ઘમંડ કરવો નહિ .દુઃખમાં રડીને તૂટી પડવું નહિ કારણ કે બધું જ સતત બદલાતું રહે છે અને રાજન જેના આ 'અનિત્યા'નો નિયમ સમજાઈ જાય અને તેનો સ્વીકાર તે કરી લે તે જ મનની શાંતિની શરૂઆત છે.'' ભગવાન બુદ્ધે રાજાને જીવનનું સત્ય સમજાવ્યું.

લદ્દાખ: અધૂરી રહેલી ખુશી અને કેન્દ્રના વલણ સામે વધતો આક્રોશ

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

23 જૂનનો સંપૂર્ણ બંધ: લદ્દાખના લોકતાંત્રિક હકો અને ઓળખની નવી લડાઈ

૨૨ મે, ૨૦૨૬ના રોજ થયેલા કરાર પછી ઠંડા પહાડી રણ તરીકે ઓળખાતા લદ્દાખમાં ખુશીના દિવસો ખૂબ જ ટૂંકા સાબિત થયા. વાટાઘાટોના પરિણામે થયેલા 'સૈદ્ધાંતિક' કરાર પર સરકારના અચકાતા વલણ અને 'મીટિંગની સહમતિ બનેલી મિનિટ્સ (નોંધ) જાહેર કરવામાં થઈ રહેલા વિલંબ' સામે વિરોધ પ્રદર્શન કરવા માટે આ ઓછા વસ્તી ધરાવતા વિશાળ પહાડી વિસ્તારમાં ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો.

આ કરારથી લદ્દાખમાં મુખ્યમંત્રી જેવી વ્યવસ્થા ધરાવતી ચૂંટાયેલી વિધાનસભા સાથે લોકોનું શાસન લાવવાની પદ્ધતિ ઊભી થવાની આશા જાગી હતી. હાલમાં તે કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી) છે, જે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ અસ્તિત્વમાં આવ્યો હતો જ્યારે તત્કાલીન જમ્મુ અને કાશ્મીર રાજ્યનો દરજ્જો ઘટાડીને તેને બે કેન્દ્રશાસિત પ્રદેશો - લદ્દાખ અને જમ્મુ-કાશ્મીરમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. આખરે કાયમી શાંતિ માટે ફરીથી આશા જાગ્યાના ટૂંકા ગાળામાં જ કઈ બાબતે આ કટોકટી ફરી ઊભી કરી? અને શા માટે? ગૃહ મંત્રાલય સાથે સબ-કમિટીની બેઠક દરમિયાન, કેન્દ્ર સરકારે કથિત રીતે બંધારણની કલમ ૩૭૧ની જોગવાઈઓ હેઠળ લદ્દાખ માટે બંધારણીય સુરક્ષા આપવા પર સૈદ્ધાંતિક રીતે વિચાર કરવા સંમતિ આપી હતી. આ દરખાસ્તમાં અન્ય બાબતોની સાથે નીચેના મુખ્ય મુદ્દાઓ સામેલ હતા:

લદ્દાખ માટે એક લોકશાહી માળખું જેમાં કાયદાકીય, કારોબારી અને નાણાંકીય સત્તાઓ હોય.

ચીફ સેક્રેટરી (મુખ્ય સચિવ) સહિતની અમલદારશાહી લદ્દાખનાં લોકો દ્વારા સંચાલિત કારોબારી હેઠળ કામ કરે. સરકાર દ્વારા થોડા વિલંબ પછી જાહેર કરવામાં આવેલી સત્તાવાર મિનિટ્સમાંથી આ જોગવાઈઓ ગાયબ હતી.

મિનિટ્સનો 'ડ્રાફ્ટ' જાહેર કર્યા પછી પણ કુદ્રાની સ્પષ્ટતાએ આ મુદ્દાને વધુ જટિલ બનાવી દીધો છે, જે લદ્દાખમાં ચાલી રહેલા સતત આંદોલનને કારણે પહેલેથી જ વિવાદોમાં ઘેરાયેલો છે. એવું લાગે છે કે સરકારે લોકશાહી માળખા અને રાજકીય સશક્તિકરણની શોધમાં લદ્દાખના દાયકાઓ લાંબા સંઘર્ષમાંથી કોઈ પાઠ શીખ્યો નથી.

સહીઓ માટે ફેરવવામાં આવેલા મીટિંગની મિનિટ્સના દસ્તાવેજની સામગ્રી પર ટિપ્પણી કરતાં એબીએલના કો-ચેરમેન ત્સિરિંગ દોરજે લાકરૂકે જણાવ્યું હતું કે, ''તે સબ-કમિટીના સભ્યો અને ગૃહ મંત્રાલય વચ્ચે થયેલી ચર્ચાને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરતું ન હતું.'' બંને સંગઠનોના સભ્યોએ આ દસ્તાવેજ પર સહી કરવાનો ઈનકાર કરી દીધો હતો.

''આવી રણનીતિઓ '(કેન્દ્ર) સરકારની દાનત પર શંકા પેદા કરે છે.'' તેમ ઉમેરતાં લાકરૂકે જણાવ્યું કે, આ કેન્દ્ર તરફથી સમય મેળવવાની કવાયત જેવું લાગે છે. ''ગૃહ મંત્રાલય કદાચ એવું વિચારે છે કે દલાઈ લામાની મુલાકાતને કારણે અમે વિરોધ નહીં કરીએ, પરંતુ અમે લેહ સિવાયની જગ્યાઓ પર પણ વિરોધ પ્રદર્શન કરી શકીએ છીએ.'' આ જ પ્રકારના વિચારો વ્યક્ત કરતાં બેઠકમાં હાજર રહેલા કેડીએના અધ્યક્ષ અસગર અલી કરબલાઈએ જણાવ્યું હતું કે, ૨૨ મેના રોજ સબ-કમિટીએ રાજ્યના દરજ્જા અને છઠ્ઠી અનુસૂચિના મુખ્ય મુદ્દાઓ તેમ જ લદ્દાખ માટે લોકશાહી માળખાના પ્રસ્તાવ પર ચર્ચા કરી હતી. 'આમાં કાયદાકીય, કારોબારી અને નાણાંકીય સત્તાઓનો સમાવેશ થાય છે.' તેમણે કહ્યું કે, ગૃહ મંત્રાલયે સબ-કમિટીને જણાવ્યું હતું કે છઠ્ઠી અનુસૂચિ હેઠળ સમાવેશ કરવો 'શક્ય નથી' પરંતુ કલમ ૩૭૧ હેઠળ સુરક્ષા આપવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

મીટિંગની મિનિટ્સમાં થયેલી ગરબડે ફરી એક વાર કેન્દ્રની વિશ્વસનીયતાને દાવ પર લગાવી દીધી છે. લદ્દાખનાં લોકોની ભાવનાઓને સંબોધવામાં ઘણી આનાકાની કર્યા પછી સરકાર પ્રદેશને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા સિવાયની કેટલીક મહત્ત્વપૂર્ણ માંગણીઓ પર સહમત થઈ હતી. તેનાથી ચોક્કસપણે એક આશા જાગી હતી જે મીટિંગની મિનિટ્સમાં ખૂટતી કડીઓને કારણે ખતમ થઈ ગઈ. સ્પષ્ટપણે, રાજકીય, વંશીય, ભાષાકીય અને પ્રાદેશિક ઓળખના મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ પર લોકોની ભાવનાઓને નબળી પાડવા માટે લેહ અને કારગિલ બંને પ્રદેશોમાં વિવાદો ઊભા કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. યુવાનોનું પ્રતિનિધિત્વ કરવાનો દાવો કરતાં લેહનાં કેટલાંક જૂથો આદિવાસી અને જમીન અધિકારોના રક્ષણ માટે વધારાની જોગવાઈઓ સાથે કેન્દ્રશાસિત પ્રદેશ (યુટી)ના મોડેલને જ લદ્દાખ માટે શ્રેષ્ઠ ગણાવીને તેનો બચાવ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેને મૂંઝવણ ઊભી કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યો છે.

તેવી જ રીતે, વારંવાર પરીક્ષાના પેપર લીક થવા જેવા યુવાનોના પ્રશ્નો ઉઠાવતી ઓનલાઈન ચળવળ 'કોકરોચ જનતા પાર્ટી' (સીજેપી) સાથે જોડાયેલા પર્યાવરણ નિષ્ણાત અને શિક્ષણવિદ્ સોનમ વાંગચુકને પણ વિવાદાસ્પદ રંગ આપવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જેમાં તેમના પર એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેઓ પોતાના અંગત એજન્ડા પાછળ લદ્દાખના મુદ્દાઓની ઉપેક્ષા કરી રહ્યા છે. કડક રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (એનએસએ) હેઠળ તેમની ધરપકડ અને સુપ્રીમ કોર્ટ આ મુદ્દા પર સુનાવણી કરે તેના થોડા દિવસો પહેલાં જ છ મહિના પછી તેમની મુક્તિ થઈ હોવા છતાં, તેઓ લદ્દાખના હેતુ માટે મક્કમતાથી ઊભા રહ્યા છે.

ઈન્ટરનેશનલ ક્લાઈમેટ અને ક્રાયોસ્ફિયર (બરફનાં ક્ષેત્રો)ની ચર્ચામાં ભાગ લેવા માટે વાંગચુકની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાતનો મુદ્દો ઉઠાવીને તેમની વચ્ચે અને આંદોલનનું નેતૃત્વ કરી રહેલા એલબીએ-કેડીએ વચ્ચે તિરાડ ઊભી કરવાના પ્રયાસોમાં હજી એક નવો આયામ ઉમેરાયો હોય તેવું લાગે છે.

આ એક અલગ બાબત છે કે એલબીએ-કેડીએના નેતાઓએ સીજેપી ચળવળમાં ભાગ લેવાના તેમના અધિકાર અને સ્વિસ યાત્રાનો બચાવ કર્યો છે, જેમના મતે આનાથી લદ્દાખના હેતુ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતામાં કોઈ સમજૂતી થઈ નથી. નેશનલ કોન્ફરન્સ (એનસી) અને કોંગ્રેસનાં જૂથો વચ્ચે કાઉન્સિલ પર નિયંત્રણ મેળવવાની ખેંચતાણે નવો વળાંક લીધો છે. તેના ચેરમેન-કમ-સીઈઓ ડૉ. મોહમ્મદ જાફર અખૂન, જેઓ વરિષ્ઠ એનસી નેતા છે, તેમણે જાહેરાત કરી છે કે તેઓ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને લદ્દાખના સાંસદ મોહમ્મદ હનીફા જાનને પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ ગેરલાયક ઠેરવવાની માંગ કરશે, કારણ કે, તેમણે અપક્ષ તરીકે લોકસભા ચૂંટણી જીત્યા પછી પોતાને એનસીના જિલ્લા પ્રમુખ ગણાવ્યા છે. જો કે, લદ્દાખના બંને પ્રદેશોની એકતા ૨૩ જૂનના સફળ બંધમાં સ્પષ્ટપણે જોવા મળી હતી. આ બંધે પોતાના લોકતાંત્રિક અધિકારો માટેની લડાઈ પ્રત્યે લોકોની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

પ્રકૃતિ

વૃક્ષને પ્રેમ કરો. વૃક્ષ વાવો. ડાળ, પાન, વેલાઓ ઝૂમશે. પર્યાવરણની પ્રતિમાને ઢંઢોળશે. કલ્યાણ, આ વિશ્વજનોમાં પ્રાણ ફૂંકશે. તપતી ધરતીનું રક્ષણ, સંરક્ષણ, સંવર્ધન થશે. ના નિર્દયી બનો સ્વાર્થી. બનો સાથી, મિત્ર, સગાં સ્નેહી. વૃક્ષો પણ બને પરિવાર આપણાં

સુરત - ગોપાળ આર. પરમાર

આવ રે વરસાદ ઢેબરીઓ પરસાદ, ઉન્ની ઉન્ની રોટલી ને કારેલાનું શાક

કુદરત રૂઠી ગઈ છે. ઋતુઓએ પણ મિજાજ બદલ્યો છે. આ વર્ષની ચોમાસાની સીઝનનો જૂન મહિનો પણ પુરો થવાની તૈયારીમાં છે. પહેલાના જમાનામાં વરસાદની ઋતુમાં ગરમા ગરમ રોટલી સાથે કારેલાના શાક ખાવાની સાથે વરસાદ વરસાદની મજા કાંઈ ઓર હતી. કડવા કારેલા શરીરની સુગરને કંટ્રોલમાં રાખે છે. શરીર સ્વસ્થ રહે છે. ખેર મૂળ વાત ખેંચાય ગયેલા વરસાદની કરવી છે. આ વર્ષના આકરા ઉનાળામાં લોકો હેરાન પરેશાન થઈ ગયા હતા. પંખાની હવા લાગે નહી અને એ.સી. બધાને પોષાય નહીં. આવા વિચિત્ર સંજોગમાં માત્ર ચોમાસાની વરસાદની કાગડોળે લોકો રાહ જોતા હતા. વર્ષા રાણી પણ રૂઠી ગયા છે. બરખા રાણી જરા જમકે બરસો' મનુષ્ય જગત પણ એવા વરસાદની રાહ જોઈ રહ્યા છે કે ધરતીમાતા પણ પાણીથી તરબોળ થાય અને ઠંડકનો અનુભવ કરે. કિસાનભાઈ પણ ચિંતામાં ડૂબેલા છે. ધરતી પરના આવા વરસાદી માહોલમાં નાના બાળકો ઘર આંગણે પાણી ભરાયને એમા કાગળની બનાવટની નાવ તરતી મૂકવાના સપના જોઈ રહી છે. પરંતુ દુખ સાથે કહેવુ જોઈએ કે વરસાદી માહોલની ઠંડકને બદલે ઉનાળાની ગરમીથી પરસેવાથી પ્રજા રેબઝેબ થઈ રહી છે. આ વર્ષના ચોમાસામાં હવે ઉપરવાળો પ્રજાની પ્રાર્થના સાંભળે અને મહેર કરે. ચારે બાજુ પાણી પાણી થઈ જાય. ત્યારે સંતુષ્ટી આવશે. હાશ થશે.

સુરત - જગદીશ પાનવાલા

ફરી એકવાર

તા. 4-6-2026ના અખબારી અહેવાલ મુજબ 2021માં લાંચ લેતા પકડાયા બાદ જીજ્ઞેશ મોદી કાયદાની આંટીઘૂંટીમાંથી પસાર થઈ બહાર આવી ગયા હતા. જેથી ફરી નોકરી પર હાજર થઈ ગયા હશે. તે પછી 1.70 લાખનો માતબર પગારદાર વહાલસાયી પત્ની તથા સંતાનો માટે લક્ઝરી લાઈફ આપવા માટે બીજીવાર સરકારી નોકરે જનતાને લૂંટવાનું કાર્ય કર્યું ભ્રષ્ટાચારી માટે કાયદા વિદો હવે તો કાયદા કડક બનાવે અથવા તો લાંચીયા કર્મચારીને બરતરફ કરવાનો નિયમ લાવે તો લાંચ ભ્રષ્ટાચાર અટકી શકે. બાકી ઢીલા પોચા કાયદામાંતો 'મેરા ભારત મહાન'.

બમરોલી- કુમુદચંદ્ર કે. જરીવાલા

અંધેર વહીવટ

વેકેશન પૂરુ થઈ ગયું, વિદ્યાર્થીઓ સ્કુલે જવા માટે સજ્જ થઈ ગયા પણ આ શું? ભણવા માટે પાઠય પુસ્તકો ક્યાં? વળી શિક્ષક વગર વિદ્યાર્થીઓને ભણાવશે કોણ? કેટલી બધી ખાલી જગાઓ પડી છે. શિક્ષકોની ભરતી કરવાનો વિચાર શિક્ષણ મંત્રીને આવવો જોઈએ. પૂરતા શિક્ષકો હશે તો જ વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહેશે. વેકેશન દરમ્યાન આ બધી બાબતોની કાળજી લેવાવી જોઈએ. પાઠયપુસ્તકોનું પ્રકાશન પુરૂ બજારમાં મુકી દેવા જોઈએ. શિક્ષકોની ભરતીની પ્રક્રિયા પૂર્ણ કરી દેવી જોઈએ. દરેક શાળા પૂર્ણ રીતે સજ્જ છે કે નહી તેની પણ ચકાસણી થવી જોઈએ. પરંતુ મને તો લાગે છે કે વિદ્યાર્થીઓને પડતા વેકેશનની સામે શિક્ષણતંત્ર પણ વેકેશનની મજા માણતું હોવું જોઈએ. આ તે કેવો અંધેર વહીવટ

સુરત - શીલા સુભાષ ભટ્ટ

સાચું શિક્ષણ અને ચરિત્ર નિર્માણ

પ્રાચીન સમયથી લઈને વર્તમાન સમયમાં શિક્ષણનું મહત્ત્વ સવિશેષ છે. માનવીની મૂળભૂત જરૂરિયાતો રોટી, કપડાં અને મકાનની સાથે સાથે અગત્યની અને મહત્ત્વની જરૂરિયાત ઉચ્ચ શિક્ષણ અને કૌશલ છે. કોઈ પણ દેશના વિકાસમાં શિક્ષણનું સ્થાન સર્વોપરી છે. શિક્ષણ એ માત્ર અક્ષરજ્ઞાન નથી પરંતુ મનુષ્યના સર્વાંગીણ વિકાસની પ્રક્રિયા છે. આધુનિક યુગમાં શિક્ષણનું લક્ષ્ય માત્ર ડિગ્રી મેળવવી કે આર્થિક ઉપાર્જન પૂરતું મર્યાદિત બની ગયું છે જે ચિંતાજનક બાબત છે. વર્ગખંડની દીવાલમાં અભ્યાસ કરતું બાળક એ ભારતનું ભાવિ છે એ ધ્યાનમાં રાખી ઉચ્ચ કૌશલપૂર્ણ શિક્ષણકાર્ય હિતકારી છે. સાચું શિક્ષણ એ વિદ્યાર્થીમાં નૈતિક મૂલ્યો,સંસ્કારો સદગુણો અને વિવેકનું સિંચન કરે.આજના વિદ્યાર્થીઓ માત્ર પુસ્તકિયા જ્ઞાનનાં કીડા બનવાને બદલે સામાજિક જવાબદારીઓ, કૌટુંબિક વલણ અને રાષ્ટ્રપ્રેમની ભાવના કેળવવી જોઈએ . Friend. philoshofer and guide તરીકે શિક્ષકના સલાહ.માર્ગદર્શન અને વિદ્યાર્થીમાં રહેલી સુષુપ્ત શક્તિને યોગ્ય દિશાસૂચન આપી શ્રેષ્ઠ આદર્શ અને ચારિત્ર્યવાન વ્યક્તિ બનાવવાનો છે. મહાત્મા ગાંધીજીએ કહ્યું છે કે બાળકનાં મન, શરીર અને આત્મામાં રહેલા ઉત્તમ અંશોને બહાર લાવનાર ઘટક એટલે શિક્ષણ.આ સમન્વયથી જ સમાજમાં પરિવર્તન શકય બનશે.

નવસારી - વિરલકુમાર હરિલાલ ટંડેલ

જ્યાં પારદર્શિતા ત્યાં પ્રગતિ

સુરત શહેરમાં અડાજણ,પાલ વિસ્તારમાં સહકારી મંડળી તેમજ જહાંગીરપુરા જીન ખાતે વિવિધ સહકારી મંડળી કાર્યરત છે. સહકારી મંડળી દ્વારા વારતહેવારે સીઝનને અનુરૂપ અને સીઝન મુજબ ઊંચી ગુણવત્તા ધરાવતું અનાજ, કઠોળ,ગોળ, કરિયાણું અને ડ્રાયફ્રુટ વગેરે વ્યાજબી કિંમતે પૂરું પાડવામાં આવે છે જેનાથી મધ્યમ વર્ગનાં પરિવારોને તેમનું બજેટ જાળવવામાં મોટી આર્થિક રાહત મળે છે.મધ્યમ વર્ગનાં લોકોને કલાકો સુધી ઠંડી, ગરમી, વરસાદ વેઠીને લાંબી લાઈનમાં ઊભા રહેવું પડે છે, એ ખૂબ જ કષ્ટદાયક છે. આ વ્યવસ્થાને વધુ સુગમ, સરળ, આધુનિક અને ગ્રાહકલક્ષી બનાવવા માટે નીચે મુજબની કાર્યપદ્ધતિ અમલમાં મૂકવા નમ્ર વિનંતી છે. સહકારી મંડળીના કામકાજના સમય દરમિયાન રોજના જેટલા ગ્રાહકોને ન્યાય આપી શકાય તે ધ્યાને લઈને સવારે જ ટોકન પ્રથા અમલમાં મૂકવી જોઈએ જેનાથી લોકોને કલાકો સુધી લાઈનમાં ઊભા ન રહેવું પડે.

સુરત - મુકેશ લાલવાલા

સતી સાવિત્રીની ભૂમિ પર આ કેવું પતન?

આજે આપણા સમાજની નૈતિકતા કઈ દિશામાં જઈ રહી છે તે એક મોટો પ્રશ્ન છે. વર્તમાન સમયનાં સમાચારપત્રો અને ન્યૂઝ ચેનલો તરફ નજર કરીએ તો આત્મા ધ્રૂજી ઊઠે તેવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. મંગેતર અથવા પત્ની પોતાના પ્રેમી સાથે મળીને પતિનું જ કાસળ કાઢી નાખે, સોપારી આપીને કે ઝેર દઈને તેનો જીવ લઈ લે. આવી ઘટનાઓ હવે અપવાદ નથી રહી, પણ લગભગ રોજિંદી બનતી જાય છે. જે જીવનસાથી સાથે સાત ફેરા ફરીને જન્મોજન્મ સાથ નિભાવવાનાં વચન આપ્યાં હોય, તેની જ ક્રૂર હત્યાનું કાવતરું ઘડતાં સ્ત્રીઓનો હાથ પણ નથી કાંપતો, એ નૈતિક અધઃપતનની પરાકાષ્ઠા છે. આ આધુનિક વિકૃતિ પાછળ સોશ્યલ મીડિયા અને ઓટીટી પ્લેટફોર્મ પર દર્શાવવામાં આવતી ગુનાખોરી અને અનૈતિક સંબંધો ધરાવતી વેબ સિરીઝો મોટો ભાગ ભજવે છે; જે લોકોને ગુનો કરવાની નકારાત્મક પ્રેરણા પૂરી પાડે છે. લગ્નજીવનમાં કોઈ અણબનાવ હોય તો કાયદાકીય રીતે છૂટાછેડા લેવાને બદલે સીધો કાંટો કાઢી નાખવાની આ ગુનાહિત માનસિકતા સમાજને અંધકાર તરફ ધકેલી રહી છે. કાયદા તંત્રે પણ આવા જઘન્ય અપરાધો કરનારા દોષિતોને નમૂનારૂપ અને કડકમાં કડક સજા ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા આપવી જોઈએ, જેથી સમાજમાં એક મજબૂત ડર અને સંદેશ પેદા થાય. જો વહેલી તકે સામાજિક જાગૃતિ નહીં લાવીએ અને નૈતિક મૂલ્યોનું પુનઃસ્થાપન નહીં કરીએ, તો લગ્ન જેવી પવિત્ર સંસ્થા પરથી લોકોનો વિશ્વાસ ઊઠી જશે. આવો, વટ સાવિત્રીના આ પાવન પર્વે આપણે સૌ સાથે મળીને આ સામાજિક બદી સામે અવાજ ઉઠાવીએ અને સંસ્કારી સમાજના નિર્માણમાં સહભાગી બનીએ.

સુરત - ચારુલતા અનાજવાળા